વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

# પરિપત્ર

**રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ના કાર્યક્રમના સ્થળે મહાનુભાવોની મુલાકાત દરમ્યાન યુનિવર્સિટીના અધિકારીશ્રીઓની ઉપસ્થિતી બાબત....**

જયભારત સહ જણાવવાનું કે, રાજય સરકારશ્રી દ્વારા આગામી **તા.૩૧/૧૨/૨૦૧૫ થી ૦૪/૦૧/૨૦૧૬** (દિન–૫) દરમ્યાન રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫નું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી દ્વારા હાથ ધરવાની થતી કામગીરીની સંક્ષિપ્ત વિગત આ સાથે સામેલ પરિશિષ્ટ–૧માં આપેલ છે.

રવિ કૃષિ મહોત્સવ દરમ્યાન તાલુકા દીઠ યોજાનાર કૃષિ શિબિર અને કૃષિ પ્રદર્શનના સ્થળે રાજયના માન. મંત્રીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સચિવશ્રીઓ, રાજય અને જિલ્લાના ઉચ્ચ પદાધિકારીશ્રીઓ વિ. મુલાકાત લેનાર છે. આવા મહાનુભાવોની મુલાકાત દરમ્યાન કાર્યક્રમના સ્થળે યુનિવર્સિટીના એકાદ અધિકારીશ્રીની ઉપસ્થિતી આવશ્યક હોવાનું જણાતાં માન. કુલપતિશ્રીની સૂચનાનુસાર નીચે દર્શાવેલ યુનિવર્સિટી અધિકારીશ્રીઓની જિલ્લાવાર નિમણુંક કરવામાં આવે છે. આ અધિકારીશ્રીઓએ જે તે જિલ્લાના જિલ્લા નોડલ ઓફિસરના સંપર્કમાં રહીને જરૂર જણાય ત્યાંરે રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમની મુલાકાત લેવા વિનંતી છે.

| અ.નં. | જિલ્લો | યુનિવર્સિટી અધિકારીશ્રીનું નામ અને હોદ્દો |
|---|---|---|
| ૧ | નવસારી | ડાૅ. એ.એન.સાબલપરા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી |
| ૨ | સુરત | ડાૅ. એમ.કે.એરવાડીયા, ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૩ | વલસાડ | ડાૅ. બી.એન.પટેલ, ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૪ | તાપી | ડાૅ. એન.એચ.કેલાવાલા, વનબંધુ પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૫ | નર્મદા | ડો. એચ.આર.પંડયા, ડીનશ્રી, અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારી |
| ૬ | ભરૂચ | ડો. કે.જી.પટેલ, આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ |
| ૭ | ડાંગ | ડો. ઝેડ.પી.પટેલ, આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, જિ. ડાંગ |

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૫૯/૨૦૧૫
નવસારી તા.૧૯/૧૨/૨૦૧૫

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા વિનંતી સહ...
૨. ઉપર્યુકત યુનિવર્સિટી અધિકારીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૩. જિલ્લા નોડલ અધિકારીઓ તરફ જાણ તથા મહાનુભાવોની મુલાકાત અંગે યુનિવર્સિટી અધિકારીઓને વાકેફ કરવા સારું.

# પરિશિષ્ટ–૧

નાયબ સચિવશ્રી (સંકલન), કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : પરચ/૧૩૨૦૧૪/૧૮૬૦/મ.૩(પાર્ટ) તા.૧૧/૧૨/૨૦૧૫ અન્વયે

## રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ અંતર્ગત
## યુનિવર્સિટી દ્વારા હાથ ધરવાની થતી કામગીરીની રૂપરેખા

(૧) અગાઉ તા.૨૬/૧૦/૨૦૧૫ થી તા.૦૭/૧૧/૨૦૧૫ (દિન–૧૩) દરમ્યાન યોજાનાર રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ રાજય સરકારશ્રી તરફથી મોકૂફ રાખવામાં આવેલ હતો, જે હવે આગામી તા.૩૧/૧૨/૨૦૧૫ થી ૦૪/૦૧/૨૦૧૬ (દિન–૫) દરમ્યાન યોજવામાં આવશે.

(૨) દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાઓના કુલ ૪૫ તાલુકાઓમાં તાલુકા દીઠ એક લેખે કુલ ૪૫ સ્થળોએ રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫નું આયોજન થનાર છે.

(૩) તાલુકા દીઠ યોજાનાર કૃષિ શિબિર અને કૃષિ પ્રદર્શનમાં ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે ત્રણ વૈજ્ઞાનિકોની ટીમ બનાવવામાં આવેલ છે, જે માટે કૃષિ, બાગાયત અને પશુપાલન વિષયના કુલ ૭૨ કૃષિ વૈજ્ઞાનિકોની સેવા ફાળવવામાં આવેલ છે.

(૪) રવિ કૃષિ મહોત્સવ દરમ્યાન યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકોની કામગીરીના સંકલન માટે જિલ્લા દીઠ એક લેખે કુલ ૭ જિલ્લા નોડલ ઓફિસરોની નિમણુંક કરવામાં આવેલ છે.

(૫) રવિ કૃષિ મહોત્સવનો સમય સવારના ૯.૦૦ થી બપોરના ૧.૦૦ સુધીનો છે, જેમાં કૃષિ, બાગાયત અને પશુપાલન વિષયના તજજ્ઞ કૃષિ વૈજ્ઞાનિકોએ ૨૦–૨૦ મિનીટનું લેકચર આપવાનું રહેશે.

(૬) કૃષિ શિબિર (સેમિનાર)માં કૃષિ તજજ્ઞો તેઓના વ્યાખ્યાનોમાં સોઈલ હેલ્થ કાર્ડ, ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ, ડ્રીપ ઈરીગેશન, સજીવ ખેતી, ટકાઉ ખેતી, ઈન્ટીગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, ગ્રેડીંગ, પેકેજીંગ અને વૈજ્ઞાનિક પધ્ધતિથી અનાજ સંગ્રહ જેવા વિષયોને સાંકળીને ખેડૂતોને માર્ગદર્શન આપવાનું રહેશે.

(૭) ખેડૂત શિબીરની સાથે જ સવારના ૯.૦૦ થી બપોરના ૧.૦૦ સુધી યોજાનાર કૃષિ પ્રદર્શનમાં યુનિવર્સિટીના સ્ટોલમાં અદ્યતન કૃષિ ટેકનોલોજીના ચાર્ટસ પ્રદર્શિત કરવાના રહેશે તથા મુલાકાતી ખેડૂતોને કૃષિ વિષયક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવાનું રહેશે.

(૮) કૃષિ યુનિવર્સિટીના સ્ટોલ પર ખેડૂતોને વિનામૂલ્યે કૃષિ સાહિત્ય આપવાનું રહેશે.

(૯) સેવા નિયુકત કૃષિ તજજ્ઞોને કૃષિ શિબિર અને કૃષિ પ્રદર્શન અંગે વધુ માહિતીની જરૂર જણાય તો જે તે જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારી અથવા જિલ્લા નોડલ ઓફિસરનો સંપર્ક કરવો.

**યુનિવર્સિટી દ્વારા નિયુકત જિલ્લા નોડલ ઓફિસર્સની વિગત :**

| અ.નં. | અધિકારીનું નામ અને હોદ્દો | જિલ્લો |
|---|---|---|
| ૧ | ડૉ. બી.જી. સોલંકી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, અઠવા લાઈન્સ, સુરત | સુરત |
| ૨ | ડૉ. ડી.કે. શર્મા, સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા, તા.પારડી, જિ.વલસાડ | વલસાડ |
| ૩ | ડૉ. જે.જી. પટેલ, પ્રાધ્યાપકશ્રી, કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, મકતમપુર, ભરૂચ | ભરૂચ |
| ૪ | ડૉ. વી.જે. ઝીંઝાલા, પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વઘઈ, જિ.ડાંગ | ડાંગ |
| ૫ | ડૉ. જે.એચ. રાઠોડ, પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, દેડીયાપાડા, જી.નર્મદા | નર્મદા |
| ૬ | ડૉ. એસ.સી. માલી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(શેરડી), વિભાગીય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | નવસારી |
| ૭ | ડૉ. સી.ડી. પંડયા, પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વ્યારા, જિ.તાપી | તાપી |